# ટ્રમ્પના 'ગાઝા બોર્ડ ઓફ પીસ'ની પ્રથમ બેઠકમાં શાહબાઝની ફજેતી



**બોર્ડની** બેઠકમાં ટ્રમ્પે શરીફની ઉપેક્ષા કરી, ટ્રમ્પે શરીફને ઉભા થવા માટે કહ્યું. શરીફ તરત જ ઉભા થઈ ગયા

**બેઠકમાં** વાંચવામાં આવેલ પાકિસ્તાનના નિવેદનમાંની ટાઇપની ભૂલોએ શાહબાઝ માટે વધુ મૂંઝવણ ઉભી કરી

ગાઝા, તા. ૨૦: ડોનાલ્ડ ટ્રમ્પની પ્રથમ 'ગાઝા બોર્ડ ઓફ પીસ' બેઠકમાં પાકિસ્તાની પીએમ શહબાઝ શરીફ અલગ-થલગ અને ઉપેક્ષિત જોવા મળ્યા હતા. ઈસ્લામાબાદ જે કાર્યક્રમ દ્વારા પોતાની વૈશ્વિક સુસંગતતા દર્શાવવા માંગતું હતું, ત્યાં શરીફ એકલા અટૂલા દેખાયા હતા. આ ઉપરાંત પાકિસ્તાનના વિદેશ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાંની ટાઈપિંગની ભૂલો પાકિસ્તાનની વધુ ફજેતી કરાવી ગઈ હતી અને શાહબાઝને મૂંઝવણભરી સ્થિતિમાં મૂકાવું પડ્યું હતું.

તેમણે ટ્રમ્પને 'શાંતિના દૂત' કહીને વખાણ્યા, 'દક્ષિણ એશિયાના તારણહાર' પણ કહ્યા અને નોબેલ શાંતિ પુરસ્કાર માટે તેમનું નામાંકન પણ કર્યું. પરંતુ, પાકિસ્તાની વડાપ્રધાન શહબાઝ શરીફની આ તમામ કોશિશો ડોનાલ્ડ ટ્રમ્પ પર કોઈ ખાસ અસર પાડી શકી હોય તેવું લાગ્યું નહીં. ગુરુવારે અમેરિકી રાષ્ટ્રપતિની પ્રથમ 'ગાઝા બોર્ડ ઓફ પીસ' બેઠક દરમિયાન તેઓ હાંસિયામાં ધકેલાયેલા જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર એવા અનેક વીડિયો વાયરલ થયા છે જેમાં શરીફ આ કાર્યક્રમમાં એકલા અને અલગ પડતા દેખાય છે. બીજા એક વાયરલ વીડિયોમાં શાહબાઝ શરીફ, ટ્રમ્પને ગળે લગાવવાનો પ્રયાસ કરતા પણ જોવા મળે છે. ગ્રુપ ફોટોમાં શરીફ માંડ-માંડ દેખાતા હતા. ટ્રમ્પ આગળની હરોળમાં ઉભા હતા, તેમની સાથે ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ અને વિદેશ મંત્રી માર્કો રુબિયો હતા. ભાષણ દરમિયાન ટ્રમ્પે શરીફને ઉભા થવા માટે કહ્યું. શરીફ તરત જ ઉભા થઈ ગયા, જેની સોશિયલ મીડિયા પર મજાક ઉડી અને કેટલાક લોકોએ તેમને 'ટ્રમ્પના પપેટ' (કઠપૂતળી) કહ્યા. આ દરમિયાન ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'મહાન વ્યક્તિ' અને 'ખૂબ સારા મિત્ર' ગણાવ્યા, જેનાથી શરીફ વધુ અસહજ દેખાયા હતા.

વાસ્તવમાં, શરીફની આ મુલાકાત માત્ર અપમાન જ નહીં પણ અનેક ગંભીર ભૂલોથી પણ ભરેલી હતી. તેની શરૂઆત વિદેશ મંત્રાલયના એક નિવેદનથી થઈ હતી, જેમાં શરીફની અમેરિકા મુલાકાત અંગે અસંખ્ય લખાણની ભૂલો હતી. ઉદાહરણ તરીકે, 'United States of America' ને બદલે 'Unites States of Americas' લખવામાં આવ્યું હતું. આ બાબત માત્ર વૈશ્વિક સ્તરે જ નહીં, પરંતુ ખુદ પાકિસ્તાનીઓ દ્વારા પણ મજાકનો વિષય બની હતી. પાકિસ્તાની યુઝરોએ અનેક મીમ્સ બનાવીને આની ઠેકડી ઉડાવી હતી.

# ટ્રમ્પના બોર્ડ ઓફ પીસની પ્રથમ બેઠકમાં ભારત ઓબ્ઝર્વર તરીકે જોડાયું

**શું** સંયુક્ત રાષ્ટ્રો પર નજર રાખશે બોર્ડ ઓફ પીસ

**ગાઝાના** પુન:નિર્માણ માટે અમેરિકા અને 9 સભ્ય દેશ 17 અબજ ડોલર આપશે

**પરમાણુ** કાર્યક્રમ મુદ્દે ટ્રમ્પનું ઈરાનને 10 દિવસનું અલ્ટીમેટમ

વોશિંગ્ટન, તા. 20: વોશિંગ્ટનમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના 'બોર્ડ ઓફ પીસ'ની પ્રથમ બેઠક યોજાઈ હતી, જેમાં ભારતે 'ઓબ્ઝર્વર' દેશ તરીકે ભાગ લીધો હતો. ગત મહિને દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દરમિયાન ટ્રમ્પ દ્વારા પ્રસ્તાવિત આ સંસ્થાની બેઠક ગુરુવારે યોજાઈ હતી જેમાં ભારતીય દૂતાવાસના વરિષ્ઠ અધિકારી નમગ્યા સી ખમ્પાએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

ભારત સરકારે હજુ સુધી આ બોર્ડના પૂર્ણકાલીન સભ્ય બનવા અંગે કોઈ સત્તાવાર નિર્ણય લીધો નથી અને હાલમાં આ પ્રસ્તાવની સમીક્ષા કરી રહ્યું છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ભારત પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવા માટેના તમામ પ્રયાસોનું સમર્થન કરે છે. આ બેઠકમાં ગાઝાના પુન:નિર્માણ માટે અંદાજે રૂ. 1.5 લાખ કરોડ (17 બિલિયન ડોલર)ના રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે 9 સભ્ય દેશો 7 અબજ ડોલર આપશે, જ્યારે અમેરિકા પોતે 10 અબજ ડોલરનું યોગદાન આપશે. આ ઉપરાંત, મોરોક્કો અને કઝાકિસ્તાન સહિત પાંચ દેશોએ યુદ્ધગ્રસ્ત પેલેસ્ટિનિયન વિસ્તારમાં શાંતિ જાળવવા માટે સૈનિકો મોકલવાની સંમતિ આપી છે. આ બેઠકમાં પાકિસ્તાનના વડા પ્રધાન શહેબાઝ શરીફ સહિત લગભગ 50 દેશોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

# પાળતુ શ્વાન ભસવા મુદ્દે જાનૈયાઓ અને માંડવિયાઓ વચ્ચે જંગ

**પાળતુ** શ્વાનને મારતા બંને પક્ષો વચ્ચે હિંસક અથડામણ બાદ કન્યાએ લગ્ન કરવાની ના પાડી



કાનપુર, તા. 20 (પીટીઆઈ): ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લામાં કન્યાના પાળતુ શ્વાન બાબતે થયેલા વિવાદે હિંસક વળાંક લેતા લગ્ન રદ કરવાની નોબત આવી છે. આ વિવાદમાં બંને પક્ષના પાંચથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે.

ખાગા વિસ્તારમાં ગુરુવારે સુમિત કેસરવાની અને તનુ કેસરવાનીના લગ્ન યોજાવાના હતા. આ એક પ્રેમ લગ્ન હતા જે બંને પરિવારોની સંમતિથી થઈ રહ્યા હતા. લગ્નની વિધિઓ ચાલી રહી હતી ત્યારે કન્યાનો પાળતુ શ્વાન ભસવા લાગ્યો હતો. વર પક્ષના કેટલાક લોકોએ તેને શાંત પાડવાનો પ્રયાસ કર્યો અને કથિત રીતે શ્વાનને માર માર્યો, જેના કારણે બંને પરિવારો વચ્ચે ઉગ્ર દલીલો શરૂ થઈ હતી. જોતજોતામાં મામલો વકર્યો અને લાકડીઓ તેમજ ખુરશીઓથી સામસામે હુમલા થયા, જેમાં કન્યા પક્ષના ત્રણ સભ્યોને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટનાની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. જોકે, આ હિંસક અથડામણ બાદ કન્યાએ લગ્ન કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.

## બાંગ્લાદેશે ભારતીયો માટેના તમામ વિઝા ફરી શરૂ કર્યા

ઢાકા, તા. ૨૦: બાંગ્લાદેશના નવા વડાપ્રધાન તારિક રહેમાન, જેમણે તેમની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ની નિર્ણાયક ચૂંટણી જીત બાદ ૧૭ ફેબ્રુઆરીના રોજ કાર્યભાર સંભાળ્યો હતો, તેમણે નવી દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશન ખાતે ભારતીય નાગરિકો માટે સંપૂર્ણ વિઝા સેવાઓ પુનઃસ્થાપિત કરીને ભારત સાથેના સંબંધો સુધારવા માટે ઝડપી પગલાં લીધાં છે. શુક્રવારથી અમલી બનેલો આ નિર્ણય, ડિસેમ્બર ૨૦૨૫ થી ભારત વિરોધી વધતી જતી ભાવનાઓ વચ્ચે લાદવામાં આવેલા સ્થગન આદેશને હટાવે છે, જે અગાઉના મોહમ્મદ યુનુસના વચગાળાના વહીવટ હેઠળ વણસેલા દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવા તરફનું એક આશાસ્પદ પ્રથમ પગલું છે. શુક્રવારની વહેલી સવારથી, હાઈ કમિશને તમામ કોન્સ્યુલર કામગીરી ફરી શરૂ કરી છે.

# કતારના આ ટાપુ પર છે વિશ્વનું પ્રથમ 'એર-કન્ડિશન્ડ ફોરેસ્ટ'

**40°C** ગરમીમાં પણ 21°C તાપમાન જળવાશે

**10** ટન ક્રિસ્ટલથી બનેલા 'ક્રિસ્ટલ વોક' પર પ્રવાસીઓ ઉનાળામાં પણ બહાર ફરવાનો આનંદ માણી શકશે



મધ્ય પૂર્વના રણ પ્રદેશમાં ઉનાળાની આકરી ગરમી વચ્ચે હવે પ્રવાસીઓ ખુલ્લામાં ફરવાનો આનંદ માણી શકશે. કતારના દોહામાં 'ગેવાન આઈલેન્ડ' પર એક અનોખું 'એર-કન્ડિશન્ડ ફોરેસ્ટ' તૈયાર કરવામાં આવ્યું છે, જે વિશ્વભરના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ પ્રોજેક્ટ તેના આધુનિક એન્જિનિયરિંગ અને પર્યાવરણને અનુકૂળ ટેકનોલોજી માટે જાણીતો છે.

આ આઈલેન્ડની મધ્યમાં 450 મીટર લાંબો એક વોકવે બનાવવામાં આવ્યો છે, જેને 'ક્રિસ્ટલ વોક' નામ આપવામાં આવ્યું છે. આ વોકવેની ખાસિયત એ છે કે તે ખુલ્લો હોવા છતાં આખું વર્ષ 21C થી 23C તાપમાન જાળવી રાખે છે. આ વોકવેને વૃક્ષો જેવા આકારની આધુનિક કેનોપીથી ઢાંકવામાં આવ્યો છે, જે સૂર્યના તાપને રોકે છે અને નીચે લગાવેલા વેન્ટ્સમાંથી આવતી ઠંડી હવાને વોકવેમાં જાળવી રાખે છે.

## પેજ 3

### પોપ ક્વીન શકીરા મુંબઈ-દિલ્હીમાં કરશે કોન્સર્ટ



મુંબઈ, તા. 20: ગ્લોબલ પોપ સેન્સેશન અને ગ્રૈમી વિજેતા સિંગર શકીરા 19 વર્ષના લાંબા અંતરાલ બાદ ફરી એકવાર ભારતમાં ધૂમ મચાવવા આવી રહી છે! 'હિપ્સ ડોન્ટ લાય' ફેમ આ સ્ટાર 10 એપ્રિલે મુંબઈ (મહાલક્ષ્મી રેસકોર્સ) અને 15 એપ્રિલે દિલ્હી જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં લાઈવ પરફોર્મન્સ આપશે. આ કોઈ સામાન્ય મ્યુઝિક કોન્સર્ટ નથી, પરંતુ 'ફીડિંગ ઇન્ડિયા' અને 'ઝોમેટો' દ્વારા આયોજિત એક ખાસ સામાજિક પહેલ છે, જેનો હેતુ કુપોષણ અને ભૂખમરા સામે જાગૃતિ લાવવાનો છે. શકીરાએ છેલ્લે 2007માં મુંબઈમાં પર્ફોર્મ કર્યું હતું. ભારત આવવા અંગે ઉત્સાહ વ્યક્ત કરતા શકીરાએ કહ્યું કે, 'ભારતીય ચાહકો સાથે ફરી જોડાવા અને બાળકોના પોષણના ઉમદા કાર્ય માટે સાથે ઊભા રહેવા હું ખૂબ આતુર છું.' સંગીત સાથે સામાજિક સંદેશનો આ સંગમ ફેન્સ માટે યાદગાર બની રહેશે.

### રણવીર સિંહને લોરેન્સ ગેંગની ધમકી: 10 કરોડની ખંડણી માગી

**બિશ્નોઈ** ગેંગના હેરી બોક્સરે અમેરિકાથી વોઈસ નોટ મોકલી



મુંબઈ, તા. 20: બોલિવૂડ સ્ટાર રણવીર સિંહને લોરેન્સ ગેંગના સભ્ય હેરી બોક્સર દ્વારા 10૧0 કરોડ રૂપિયાની ખંડણી માટે ધમકી આપવામાં આવી હોવાના અહેવાલે સનસનાટી મચાવી છે. અહેવાલ મુજબ, રણવીરના મેનેજરને અમેરિકાના નંબર પરથી એક વોઈસ નોટ મળી હતી, જેમાં આ મોટી રકમની માગ કરવામાં આવી હતી. મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે આ મામલે તપાસ તેજ કરી છે અને અમેરિકી એજન્સીઓનો પણ સંપર્ક સાધ્યો છે. રસપ્રદ વાત એ છે કે, આ ધમકી રોહિત શેટ્ટીના ઘર પર થયેલા ફાયરિંગ બાદ ફેબ્રુઆરીની શરૂઆતમાં મળી હતી. જોકે, રણવીર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર એફઆઈઆર નોંધાઈ નથી, પરંતુ સાવચેતીના ભાગરૂપે રણવીર અને દીપિકાએ પોતાની ખાનગી સુરક્ષામાં વધારો કરી દીધો છે. તેમના નિવાસસ્થાને હવે હથિયારધારી ગાર્ડ્સનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

### બિટકોઈન કૌભાંડ: રાજ કુંદ્રાને મોટી રાહત, પીએમએલએ કોર્ટે આપ્યા જામીન



મુંબઈ, તા. 20: બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજ કુંદ્રાને રૂ. 150 કરોડના બિટકોઈન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં મોટી રાહત મળી છે. મુંબઈની સ્પેશિયલ પીએમએલએ કોર્ટે તેમને આ કથિત ક્રિપ્ટો પોન્ઝી કૌભાંડમાં જામીન મંજૂર કર્યા છે. ઈડી (અમલીકરણ નિદેશાલય) મુજબ, કુંદ્રા પાસે 285 બિટકોઈન હતા, જે તેમણે કૌભાંડના માસ્ટરમાઇન્ડ અમિત ભારદ્વાજ પાસેથી મેળવ્યા હોવાનો આક્ષેપ છે. કોર્ટે જામીન આપતા નોંધ્યું કે કુંદ્રાએ તપાસમાં સહયોગ આપ્યો છે અને અગાઉ તેમની ધરપકડ ન થઈ હોવાથી હવે કસ્ટડીની જરૂર નથી. જોકે, કોર્ટે શરત મૂકી છે કે તેમણે આગામી સુનાવણીમાં હાજર રહેવું પડશે.

### પિતાનો રિપોર્ટ મીડિયાને આપવા બદલ સલમાન નારાજ



મુંબઈ, તા. 20: બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનના પિતા અને દિગ્ગજ પટકથા લેખક સલીમ ખાનની તબિયતને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. બ્રેન હેમરેજ થયા બાદ તેમને મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા છે. મંગળવારે તેમને દાખલ કરાયા બાદ ડોક્ટરોએ સર્જરી પણ કરી હતી. જોકે, આ મામલે સલમાન ખાને કડક વલણ અપનાવતા હોસ્પિટલના ડોક્ટરોને પિતાની હેલ્થ અપડેટ જાહેર ન કરવા સૂચના આપી છે. પરિવાર ઈચ્છે છે કે આ માહિતી ખાનગી રાખવામાં આવે. અહેવાલો મુજબ, હોસ્પિટલ દ્વારા અગાઉ આપવામાં આવેલા નિવેદનોથી સલમાન નારાજ છે. પરિવારનું કહેવું છે કે સ્વાસ્થ્ય એ અંગત બાબત છે અને મીડિયામાં કોઈ પણ વિગત શેર કરવી કે નહીં તેનો નિર્ણય પરિવાર પર છોડવો જોઈએ જેથી ખોટી અટકળોથી બચી શકાય. શુક્રવારે સલમાન હોસ્પિટલ પહોંચ્યો હતો જ્યારે લોરેન્સ ગેંગની ધમકીની પરવા કર્યા વિના રણવીર સિંહ પણ હોસ્પિટલ પહોંચ્યો હતો.

### વીરા રાજા વીરા ગીત વિવાદ: એ.આર. રહેમાન ડાગર બ્રધર્સને ક્રેડિટ આપવા સહમત



નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ): મ્યુઝિક કમ્પોઝર એ.આર. રહેમાને શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે, તેઓ ફિલ્મ 'પોન્નિયિન સેલ્વન: 2' ના ગીત 'વીરા રાજા વીરા'માં 'જૂનિયર ડાગર બ્રધર્સ'ને ક્રેડિટ આપશે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે સંગીત ઉદ્યોગના આ દિગ્ગજ નામો વચ્ચેના વિવાદનો સુખદ અંત લાવતા આ અરજીનો નિકાલ કર્યો હતો. રહેમાનના વકીલે કોર્ટને ખાતરી આપી હતી કે ગીતમાં હવે એવી સ્પષ્ટતા કરવામાં આવશે કે, 'આ રચના ડાગરવાણી પરંપરાના ધ્રુપદથી પ્રેરિત છે, જે સૌપ્રથમ સ્વર્ગસ્થ ઉસ્તાદ નાસિર ફૈયાઝુદ્દીન ડાગર અને ઉસ્તાદ નાસિર ઝાહિરુદ્દીન ડાગર (જૂનિયર ડાગર બ્રધર્સ) દ્વારા 'શિવ સ્તુતિ' તરીકે રેકોર્ડ કરવામાં આવી હતી.' ઉલ્લેખનીય છે કે, ધ્રુપદ ગાયક ઉસ્તાદ ફૈયાઝ વાસિફુદ્દીન ડાગરે કોપીરાઈટ ભંગનો આરોપ લગાવી સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.


torrent POWER

**વીજપ્રવાહ બંધ રહેવા બાબત**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૨૩/૦૨/૨૦૨૬, સોમવાર : પાકીઝા ઈન્ડ. નં.૨ (વેડ રોડ), ગોવિંદ ઈન્ડ. નં.૩ (વેડ રોડ) ગિરિરાજનગર ઈન્ડ. નં.૨, શાંતિનગર ઈન્ડ. નં.૨
- ૨૪/૦૨/૨૦૨૬, મંગળવાર: નિલકંઠ ઈન્ડ. નં.૭ (વેડ રોડ), ઘાયલ (વેડ રોડ), ધનહાર ઈન્ડ. (અશ્વનીકુમાર), મનોજ (સાકાર-ભટાર રોડ)
- ૨૫/૦૨/૨૦૨૬, બુધવાર : સૌરાષ્ટ્ર કોલોની (એલએચ રોડ), વિઠ્ઠલ ઈન્ડ. (માતાવાડી)-T૨, કૃણાલ ઈન્ડ. નં.૫ (ભાઠેના)
- ૨૬/૦૨/૨૦૨૬, ગુરૂવાર : નિલકંઠ ઈન્ડ. નં.૧ (વેડ રોડ)
- ૨૭/૦૨/૨૦૨૬, શુક્રવાર : સ્વામિનારાયણ ઈન્ડ. (એ.કે.રોડ), ફટાકડા વાડી ઈન્ડ. નં.૫ (વેડ રોડ), એમ.કે. ઈન્ડ. (વેડ રોડ)
- ૨૮/૦૨/૨૦૨૬, શનિવાર : પુઠાવાલા ઈન્ડ. (કતારગામ), અક્ષય ઈન્ડ. નં.૨ (ફુલપડા)

અસુવિધા બદલ દિલગીર છીએ

Door step services are available for senior & Differently Abled citizens
Request to call on 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
or mail to connect.srt@torrentpower.com
WhatsApp 8141970070


# રશિયામાં શિયાળુ તોફાનનો તરખાટ: મોસ્કોમાં બરફના ઢગલાં



**ભારે** બરફવર્ષાને કારણે વાહનવ્યવહાર ખોરવાયો, અકસ્માતનાં બનાવો, અનેક ફ્લાઇટો રદ અથવા મોડી પડી

મોસ્કો, તા. ૨૦: રશિયામાં મોટું શિયાળુ તોફાન આવ્યું છે. બુધવાર રાતથી ગુરુવાર સવાર સુધી મોસ્કોમાં ભારે હિમવર્ષા અને જોરદાર પવનને કારણે ભારે અંધાધૂંધી સર્જાઇ હતી જેના કારણે રસ્તાઓ પર ખતરનાક સ્થિતિ ઉભી થઈ હતી અને ઘણી ફ્લાઈટ્સ મોડી પડતા અથવા રદ થતા હવાઈ મુસાફરીમાં અવરોધો સર્જાયા હતા. ધ મોસ્કો ટાઈમ્સને ટાંકીને મેયર સેર્ગેઈ સોબ્યાનિન જણાવ્યું હતું કે, રશિયન રાજધાનીમાં ગુરુવારે એક જ દિવસમાં સરેરાશ માસિક હિમવર્ષાના 70% થી વધુ હિમવર્ષા થવાની ધારણા હતી. સોબ્યાનિને ટેલિગ્રામ પર લખ્યું હતું કે, શિયાળો તમામ રેકોર્ડ તોડી રહ્યો છે. હવામાનશાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર, 19 ફેબ્રુઆરીએ મોસ્કોમાં બરફનું સ્તર દૈનિક સરેરાશ હિમવર્ષાના 175% સુધી પહોંચી ગયું હતું. જો કે, આ આંકડો 2024 માં નોંધાયેલા દૈનિક હિમવર્ષાના રેકોર્ડને વટાવી શક્યો નથી. રાજધાનીની દક્ષિણે આવેલા મોસ્કો પ્રદેશના સ્ટુપિનો શહેર નજીક M-4 ડોન હાઈવે પર ઓછામાં ઓછા 10 વાહનો વચ્ચે મોટો અકસ્માત થયાના અહેવાલ પણ મળ્યા છે. નાગરિક ઉડ્ડયન અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુરુવાર સવાર સુધીમાં મોસ્કો એરપોર્ટ પર 33 ફ્લાઈટ્સ કાં તો રદ કરવામાં આવી હતી અથવા બે કલાકથી વધુ મોડી પડી હતી.

## એઆઈ ક્ષેત્રે ભારત-અમેરિકાની ભાગીદારી દુનિયા બદલશે: ગૂગલના સુંદર પિચાઈ

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ): ગૂગલ અને આલ્ફાબેટના સીઈઓ સુંદર પિચાઈએ શુક્રવારે 'એઆઈ ઈમ્પેક્ટ સમિટ'માં જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના લાભો દરેક વ્યક્તિ અને દરેક સ્થળ સુધી પહોંચાડવામાં ભારત-અમેરિકાની ભાગીદારી નિર્ણાયક ભૂમિકા ભજવશે. ભારત અને અમેરિકા વચ્ચે 'પેક્સ સિલિકા' કરાર થવાનો છે તે પહેલાં તેમણે કહ્યું કે, આ સમજૂતી આગામી વર્ષો માટે બંને દેશોના ટેકનિકલ સંબંધોનો મજબૂત પાયો નાખશે. 'પેક્સ સિલિકા' કરારનો મુખ્ય હેતુ સેમિકન્ડક્ટર, ક્રિટિકલ મિનરલ્સ અને એઆઈમાટે સુરક્ષિત સપ્લાય ચેઈન બનાવવાનો છે. પિચાઈએ નોંધ્યું હતું કે ગૂગલ બંને દેશો વચ્ચે એક મજબૂત કડી તરીકે કામ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે, 'ભારતમાં શરૂ થયેલી ગૂગલ પે જેવી નવીનતાઓ આજે વિશ્વભરના લોકોનું જીવન સુધારી રહી છે.'

# 33 બાળકોનું જાતીય શોષણ : પૂર્વ ઈજનેર અને પત્નીને ફાંસીની સજા

**ઉત્તર** પ્રદેશની અદાલતે એક દાયકા સુધી દંપતીએ કરેલા આ ગુનાને દુર્લભમાં દુર્લભ ગણાવ્યો

**ભોગ** બનનારા 33 બાળકોમાં કેટલાંક 3 વર્ષની ઉંમરના હતા

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ): ઉત્તર પ્રદેશના બાંદાની એક વિશેષ અદાલતે શુક્રવારે સિંચાઈ વિભાગના પૂર્વ જુનિયર એન્જિનિયર રામ ભવન અને તેની પત્ની દુર્ગાવતીને 33 બાળકોના જાતીય શોષણના કેસમાં ફાંસીની સજા ફટકારી છે. 2010 થી 2020 વચ્ચે આચરવામાં આવેલા આ જઘન્ય અપરાધને કોર્ટે 'રેરેસ્ટ ઓફ રેર' (દુર્લભમાં દુર્લભ) ગણાવ્યો છે. ભોગ બનનારાઓમાં કેટલાક બાળકો તો માત્ર 3 વર્ષની ઉંમરના હતા. તપાસમાં બહાર આવ્યું છે કે આ દંપતીએ બાળકોના બે લાખથી વધુ વાંધાજનક વીડિયો અને ફોટા બનાવીને ઈન્ટરનેટ દ્વારા આશરે 47 દેશોમાં ફેલાવ્યા હતા. સીબીઆઈના જણાવ્યા અનુસાર, આરોપી રામ ભવન બાળકોને વીડિયો ગેમ્સ અને ભેટની લાલચ આપીને ફસાવતો હતો અને તેની પત્ની આ કૃત્યોમાં તેને મદદ કરતી હતી. પોક્સો કોર્ટે બંનેને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સુઅલ ઓફેન્સ (પોક્સો) એક્ટ હેઠળ જાતીય હુમલો, પોર્નોગ્રાફી અને ગુનાહિત કાવતરા માટે દોષિત ઠેરવ્યા છે. અદાલતે ઉત્તર પ્રદેશ સરકારને દરેક પીડિત બાળકને રૂ. 10 લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ સાથે આરોપીના ઘરેથી મળી આવેલી રોકડ પણ પીડિતો વચ્ચે સમાન હિસ્સે વહેંચવા સૂચના આપી છે. જજે નોંધ્યું હતું કે આવા ગુનાઓ માત્ર બાળકોનું જીવન જ બરબાદ નથી કરતા, પરંતુ સમાજની નૈતિકતાને પણ હચમચાવી દે છે. કોર્ટે પીડિતોના પુનર્વસન અને મનોવૈજ્ઞાનિક સારવાર માટે પણ સરકારને નક્કર પગલાં લેવા આદેશ આપ્યો છે.

# ભારત-પાક. લડાઈમાં ૧૧ જેટ તોડી પાડવામાં આવ્યા હતા: ટ્રમ્પનો નવો દાવો

**ગાઝામાં** બોર્ડ ઓફ પીસની બેઠકમાં બોલતા ટ્રમ્પે ફરીથી મધ્યસ્થીની વાત દોહરાવી

**યુદ્ધ** અટકાવવા ભારત અને પાકને પોતે ૨૦૦ ટકા ટેરિફની ધમકી આપી હોવાનું કહ્યું

ગાઝા, તા. ૨૦: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 2025ના સૈન્ય ગતિરોધ દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરી હોવાના પોતાના દાવાને ફરી દોહરાવ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે જો આ બંને પરમાણુ સંપન્ન પડોશી દેશો લડાઈ બંધ નહીં કરે, તો તેમણે તેમના પર 200 ટકા ટેરિફ લાદવાની ધમકી આપી હતી. પોતાના 'બોર્ડ ઓફ પીસ' કાર્યક્રમમાં બોલતા, ટ્રમ્પે વિમાનોના નુકસાન અંગેના તેમના અગાઉના દાવાઓને વધારીને રજૂ કર્યા અને દાવો કર્યો કે લડાઈ દરમિયાન 11 જેટ વિમાનો તોડી પાડવામાં આવ્યા હતા.

ભારતે મે 2025ના સશસ્ત્ર સંઘર્ષ દરમિયાન કોઈ પણ ત્રીજા પક્ષના હસ્તક્ષેપના દાવાઓને સતત નકારી કાઢ્યા છે. વિમાનોના નુકસાન અંગે નવી દિલ્હીનું વલણ પણ ટ્રમ્પના દાવાથી વિપરીત રહ્યું છે.


સર્વમિત્ર અને સૌના સ્નેહી
શ્રીમાન છગનભાઈ પટેલને



જન્મદિનની શુભેચ્છા..સાથે
શ્રી કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ જીર્ણોદ્ધાર ટ્રસ્ટના લાભાર્થે
યોજાયેલ લોકડાયરો માટે
જાહેર આમંત્રણ
ચેરમેન : શ્રી વિશાલ કે. સેલર
વાઈસ ચેરમેન : શ્રી મહેશભાઈ એમ. ભારતી
શ્રી પ્રવિણભાઈ પી. પરમાર
શ્રીમીતી સોનાલી બી. બોઘાવાલા
શ્રી બિપીનભાઈ સી. નાયક
શ્રી નીરજભાઈ એમ. નાયક
શ્રી રાકેશકુમાર એમ. પટેલ
શ્રી ભરતભાઈ બી. નવસારીવાલા
મેનેજીંગ ડિરેક્ટર-શ્રી ઉમેશભાઈ જે દેસાઈ
હોદ્દેદારો તથા બેંક પરિવાર
સોમવાર, તા.૨૩/૦૨/૨૦૨૬, રાત્રે: ૯.૩૦ કલાકે
માં તાપી પૂ.મોટા સૂર્યોદય ઘાટ, કુરુક્ષેત્ર ધામ, જહાંગીરપુરા
ધી રાંદેર પીપલ્સ કો.ઓ.બેંક લિ.
કુરુક્ષેત્ર ટ્રસ્ટના સ્થાપક પ્રણેતા



આજથી ભવ્ય શુભારંભ
ટેક્ષટાઈલ મશીનરીનું વિશાળ એક્ઝિબિશન
SGCCI | SGCTIDC
ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર
13th EDITION SITEX®
SURAT INTERNATIONAL TEXTILE EXPO
21-22-23 FEB 2026
સ્થળ : સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, ચેમ્બર ઓફ કોમર્સ રોડ, સરસાણા, સુરત.
POWERED BY: SARJAN® POSITION PRINTING MACHINE
PLATINUM SPONSOR: SIGNATURE® TEXTILE MACHINES
GOLD SPONSOR: PICANOL Let's grow together
SILVER SPONSORS: KTL, GRANDO, ORANGE
ANNUAL EVENT PARTNERS: SFA SINGHI FINANCIAL ADVISORS Siddharth Pradeep Singhi, JAINAM, Luthra Group, GEPIL, SOLEX ENERGY, Liberty's, KP GROUP, SIGNATURE RAPIER-JACQUARD-AIRJET, NJ GROUP, Mehta Wealth, THE SURAT PEOPLE'S CO-OP. BANK LTD., JBGO
નોંધ : પ્રદર્શન સવારે ૧૦.૦૦ થી સાંજે ૭.૦૦ કલાક સુધી ખુલ્લું રહેશે, ૧૬ વર્ષથી નીચેની વયના બાળકોને પ્રવેશ મળશે નહીં.